# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) લોકસભામાં આજે મહિલાઓની ભાગીદારી વધારવા સાથે જોડાયેલા ત્રણ મહત્વના વિધેયક વિચાર અને પસાર કરવા રજૂ કરાયા.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભામાં કહ્યું, દેશની 50 ટકા વસતીને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ કરવી જોઈએ.
3) સર્વોચ્ચ અદાલતે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચે વહીવટી અને પોલીસ અધિકારીઓની કરેલી બદલીને પડકારતી અરજી ફગાવી.
4) ભારત અને ઑસ્ટ્રિયા વચ્ચે અનેક સમજૂતી કરાર થયા.
5) IPL ક્રિકેટમાં મુંબઈ ઇન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# LS PM NARISHAKTI-1

લોકસભામાં આજે મહિલાઓની ભાગીદારી વધારવા સાથે જોડાયેલા ત્રણ મહત્વના વિધેયક વિચાર અને પસાર કરવા રજૂ કરાયા. તેમાં બંધારણ 131-મા સુધારા વિધેયક 2026, પરિસીમન વિધેયક 2026 અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા સંશોધન વિધેયક 2026 સામેલ છે.

લોકસભામાં આજે નારીશક્તિ વંદન અધિનિયમમાં બંધારણીય સુધારા હેઠળ ત્રણ મહત્વના વિધેયક પર ચર્ચા દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશની 50 ટકા વસતીને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ કરવી જોઈએ. તેમણે કહ્યું, નારીશક્તિ દેશના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે અને નીતિ નિર્માણમાં તેમને યોગ્ય પ્રતિનિધિત્વ આપવું એ સમયની માગ છે. શ્રી મોદીએ આ ઐતિહાસિક વિધેયકને તમામ લોકો અને દેશના લોકતંત્ર માટે લાભદાયી ગણાવ્યા.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)**

સમાજવાદી પાર્ટીના સાંસદ અખિલેશ યાદવે મહિલા આરક્ષણને તેમની પાર્ટીનું સમર્થન હોવાનું જણાવ્યું. જ્યારે કૉંગ્રેસ સાંસદ ગૌરવ

ગોગોઈએ કહ્યું, તેમની પાર્ટી મહિલા આરક્ષણના પક્ષમાં છે, પરંતુ તેને સરળ બનાવવું જોઈએ અને પરિસીમનથી ન જોડવું જોઈએ.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગૃહમાં કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા સુધારા વિધેયક 2026 રજૂ કર્યું. તે અંતર્ગત દિલ્હી અને જમ્મુ-કશ્મીર સહિત કેન્દ્રશાસિત પ્રદેશોમાં સંસદીય અને વિધાનસભા ક્ષેત્રોના પુનર્ગઠનની જોગવાઈ કરવામાં આવી છે.

ચર્ચા હજી ચાલી રહી છે.

# SC EC WB

સર્વોચ્ચ અદાલતે આજે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચ દ્વારા એક હજારથી વધુ અને પોલીસ અધિકારીઓની બદલીને પડકારતી અરજીને ફગાવી દીધી છે. સાથે જ અદાલતે રાજ્ય સરકાર અને ચૂંટણી પંચ વચ્ચે વિશ્વાસના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરી.

ન્યાયમૂર્તિ સૂર્ય કાન્ત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની પીઠે જણાવ્યું, બંને પક્ષ વચ્ચે વિશ્વાસનો અભાવ હોવાથી સર્વોચ્ચ અદાલતે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓની વિશેષ સઘન સુધારણા – S.I.R. હેઠળ ન્યાયિક અધિકારીઓની નિમણૂક કરવી પડી.

અદાલતે આ આદેશ 31 માર્ચના કલકત્તા વડી અદાલતના આદેશને પડકારતી અરજી પર સુનાવણી દરમિયાન આપ્યો. વડી અદાલતે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચ દ્વારા અધિકારીઓની બદલીની પડકારતી જાહેર હિતની અરજીને ફગાવી દીધી હતી.

ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળ વિધાનસભાના 294 સભ્યો માટે આગામી 23 અને 29 એપ્રિલ બે તબક્કામાં મતદાન થશે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફૉરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. શ્રોતાઓ 1922 પર મિસ્ડ કૉલ કરીને સીધા જ પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાની છેલ્લી તારીખ 24 ઍપ્રિલ રહેશે.

# REV AKASHVANI AMDAVAD DAY

"આકાશવાણી" દેશની જાહેર પ્રસારણ સેવા કે, જે દરેક ભારતીય માટે વિશેષ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. "આકાશવાણી" આ એક શબ્દ નહીં પણ દેશના લોકોની લાગણી છે. આજના ડિજિટલ યુગમાં પણ આકાશવાણીએ વિશેષ શૈલીથી શ્રોતાઓને પોતાની સાથે જકડી રાખ્યા છે. ખાસ કરીને પ્રજ્ઞાચક્ષુ લોકો માટે તો આકાશવાણી આશીર્વાદરૂપ માધ્યમ બની ગયું છે. વર્ષો જૂની પરંપરા મુજબ, આકાશવાણી અમદાવાદે પણ શ્રોતાઓમાં પોતાની અલગ ઓળખ બનાવી છે.

16 એપ્રિલ 1949ના રોજ શરૂ થયેલા આકાશવાણી અમદાવાદ કેન્દ્રના 77-મા સ્થાપના દિવસની આજે આકાશવાણી પરિસરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી. દેશના તત્કાલિન ગૃહ તથા માહિતી અને પ્રસારણ મંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે આ કેન્દ્રનો આરંભ કરાવતાં તે વખતે શું કહ્યું હતું તેમના જ અવાજમાં સાંભળીએ.

## (BYTE: SARDAR VALLABHBHAI PATEL)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# REV PM AUSTRIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં ઑસ્ટ્રિયાના ચાન્સેલર ડૉક્ટર ક્રિશ્ચિયન સ્ટૉકર સાથે સંવાદ કર્યો. બેઠક દરમિયાન ભારત અને ઑસ્ટ્રિયાએ અનેક સમજૂતી કરાર અને દસ્તાવેજોનું આદાન-પ્રદાન કર્યું. તેમાં ખાદ્ય સુરક્ષાથી જોડાયેલા સમજૂતી કરાર, સહકાર અને સૈન્ય બાબતો તથા આતંકવાદનો સામનો કરવા સંયુક્ત કાર્યસમૂહ સાથે ઉદ્દેશ પત્ર સામેલ છે.

સંયુક્ત સંવાદદાતા સંમેલનમાં પ્રધાનમંત્રીએ કહ્યું, ભારત અને ઑસ્ટ્રિયા માળખાગત સુવિધાઓ અને નવિનતામાં વિશ્વસનીય ભાગીદાર રહ્યા છે. શ્રી સ્ટૉકરે યુરોપની બહાર પહેલા વિદેશ પ્રવાસ માટે ભારતની પસંદગી કરવા બદલ તેમનો આભાર પણ વ્યક્ત કર્યો.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) - TRADE**

આ પ્રસંગે ઑસ્ટ્રિયાના ચાન્સેલર ડૉક્ટર ક્રિશ્ચિયન સ્ટૉકરે ભારતના પહેલા પ્રવાસને બંને દેશના સંબંધ માટે મહત્વનો ગણાવ્યો. તેમણે કહ્યું, ભારત યુરોપીયન સંઘથી બહાર ઑસ્ટ્રિયા માટે મહત્વનું વેપારી ભાગીદારમાંથી એક છે.

# MEA AUSTRIA CHANCELLOR

ઑસ્ટ્રિયાના ચાન્સેલર ક્રિશ્ચિયન સ્ટોકરનો ભારત પ્રવાસ ઘણો મહત્વનો અને ફળદાયી રહ્યો. તેનથી ભારત અને ઑસ્ટ્રિયા સહકાર માટે સ્પષ્ટ દિશા-નિર્દેશ નક્કી કરવામાં મદદ મળી છે. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા વિદેશ મંત્રાલયના સચિવ સિબી જ્યોર્જે કહ્યું, સુરંગ અને નિર્માણ ક્ષેત્ર, નવિનીકરણીય ઉર્જા અને સ્વસ્છ ટેક્નોલૉજીમાં ઑસ્ટ્રિયાની કુશળતા છે, જેનાથી તે ભારતનું સ્વાભાવિક ભાગીદાર બન્યું છે.

શ્રી જ્યોર્જે વધુમાં કહ્યું, ઑસ્ટ્રિયા ઑસ્ટ્રેયાની કુશળતાને જોતા બંને દેશ ભાગીદારી, મૅક ઇન ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા, સ્કિલ ઇન્ડિયા અને સ્ટાર્ટ-અપ ઇન્ડિયા જેવી સરકારની મુખ્ય પહેલોને સહકાર આપશે.

(BYTE: SIBI GEORGE)

શ્રી જ્યોર્જે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચાન્સેલર સ્ટોકરે પશ્ચિમ એશિયા અને અન્ય ક્ષેત્રોમાં તાજેતરના ઘટનાક્રમ સંબંધિત તમામ મહત્વના મુદ્દાઓ પર પણ ચર્ચા કરી છે. તેમણે કહ્યું, દરિયાઈ જહાજોના સલામત અને અવરોધ વિનાની હિલચાલ સહિત શાંતિપૂર્ણ રીતે મુદ્દાઓના ઉકેલ માટે સંવાદ અને રાજદ્વારીની મહત્વ પર ભાર અપાયો.

# IPL T20 CRICKET TODAY MATCH

ઇન્ડિયન પ્રીમિયર લીગ - I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાતી મેચમાં શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની પંજાબની ટીમે ટોસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ, હાર્દિક પંડ્યાની આગેવાની હેઠળની મુંબઈની ટીમે 5.4 ઑવરમાં 2 વિકેટ ગુમાવી 41 રન કર્યાં છે.

IPLના પૉઈન્ટ ટેબલમાં હાલ પંજાબની ટીમ ત્રીજા અને મુંબઈની ટીમ નવ-મા ક્રમાંક પર છે.

# IMF INDIA CHIEF

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ – IMF-નાં વડાં ક્રિસ્ટાલિના જ્યોર્જિવાએ કહ્યું, વૈશ્વિક વિકાસ દરમાં મંદી અને યુદ્ધના કારણે થયેલા વિક્ષેપ વચ્ચે પણ ભારતનું અર્થતંત્ર મજબૂત રહેવાની અપેક્ષા છે.

IMF-ની પત્રકાર પરિષદને સંબોધતાં સુશ્રી જ્યોર્જિવાએ કહ્યું, ભારતની મજબૂત માળખાકીય આર્થિક સ્થિતિ તેના મોટા ભાગના દેશોથી વધુ સારું પ્રદર્શન કરવામાં મદદ કરી રહી છે.

વધુમાં તેમણે કહ્યું, ભારતનો વિકાસ દર વૈશ્વિક સરેરાશ વિકાસ દરથી બે ગણાથી વધુ છે. સાથે જ તેમણે છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલા નીતિગત સુધારાઓ અને સંસ્થાકીય ક્ષમતામાં વૃદ્ધિએ ભારતના અર્થતંત્રને મજબૂત બનાવ્યું છે.